# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 04-Dec-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1) ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આવતીકાલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીપદના શપથ લેશે.
2) વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે ભારત અને ચીન વચ્ચેના સંબંધોને વધારવા માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતાના મહત્વ પર ભાર મૂક્યો.
3) રાજ્યસભામાં આજે બોઇલર્સ વિધેયક 2024 પસાર થયું છે.
4) ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક આવતીકાલથી બે દિવસની ભારત મુલાકાતે આવશે.
5) રેલવે સુધારા વિધેયક-2024 આજે લોકસભામાં રજૂ કરાયું.
6) અંડર-19 એશિયા કપમાં આજે ભારતે ગ્રુપ Aની એક દિવસીય ક્રિકેટ મેચમાં સંયુક્ત આરબ અમીરાત સામે 10 વિકેટે જીત મેળવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## FADANVISH CM

ભાજપના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આવતીકાલે સાંજે 5:30 વાગ્યે મુંબઈના આઝાદ મેદાન ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગઠબંધનના અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં ત્રીજી વખત મહાયુતિના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.

મુંબઈમાં આજે મળેલી ભારતીય જનતા પાર્ટીની કોર કમિટીની બેઠકમાં, તેમને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં વિધાયક પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા, ધારાસભ્ય ચંદ્રકાંત પાટીલ અને સુધીર મુનગંટીવારે શ્રી ફડણવીસના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને તમામ નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ ટેકો આપ્યો હતો.

બેઠકને સંબોધતા કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના 14 કરોડ લોકોનો અભૂતપૂર્વ જનાદેશ એ પ્રધાનમંત્રીના વિકસીત ભારતના વિઝનમાં લોકોના વિશ્વાસનો સ્પષ્ટ સંદેશ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કેન્દ્રમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ડબલ એન્જિન સરકાર મહારાષ્ટ્રના વિકાસ માટે સંપૂર્ણ તાકાતથી કામ કરશે.

(બાઇટ-સીતારમણ)

ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે તેમની સરકારની પ્રાથમિકતા લોકોને આપેલા વચનોને પૂર્ણ કરવાનું રહેશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ દરેક ક્ષેત્રમાં રાજ્યને ટોચના સ્થાને લાવવા માટે સાથે મળીને કામ કરશે.

દરમ્યાન, ભાજપના દેવેન્દ્ર ફડણવીસ, શિવસેનાના નેતા અને કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદે અને એનસીપીના અજિત પવાર સહિતના મહાયુતિના નેતાઓએ આજે મુંબઈમાં રાજભવન ખાતે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણન સાથે સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા માટે મુલાકાત કરી હતી. તેઓએ મહાયુતિના કુલ 237 ધારાસભ્યોની સહીવાળો પત્ર રાજ્યપાલને સુપરત કર્યો હતો.

## JHARKHAND-CABINET-EXPANSION

ઝારખંડમાં, હેમંત સોરેન સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ આવતીકાલે રાંચીમાં બપોરે થશે. રાજભવન ખાતે કુલ 11 મંત્રીઓ શપથ ગ્રહણ કરવાના છે. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

જેએમએમના છ, કોંગ્રેસના ચાર અને આરજેડીના એક મંત્રી શપથ લેશે. જેએમએમના જનરલ સેક્રેટરી સુપ્રિયો ભટ્ટાચાર્યએ કહ્યું કે કેબિનેટ ઝારખંડના તમામ ભાગોનું સાક્ષી બનશે.

હેમંત સોરેને 28 નવેમ્બરે ઝારખંડના ચોથી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

## NEW RS JAYSHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકરે ભારત અને ચીન વચ્ચે સંબંધ વધુ સારા બનાવવા માટે સરહદ પારના વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતાના મહત્વ પર ભાર મુક્યો છે. ચીન સાથે ભારતના સંબંધો પર આજે રાજ્યસભાને સંબોધિત કરતાં શ્રી જયશંકરે કહ્યું, આગામી દિવસોમાં બંને દેશ વચ્ચે ચર્ચા સંઘર્ષ ઘટાડવા તેમજ અસરગ્રસ્ત સરહદ વ્યવસ્થા પર કેન્દ્રિત કરાશે.

પૂર્વ લદ્દાખમાં એપ્રિલ-મે 2020માં ભારત અને ચીનની સેના વચ્ચે અથડામણ અંગે ડૉ. જયશંકરે કહ્યું, ‘વર્ષ 2020થી ભારત-ચીનના સંબંધ અસામાન્ય રહ્યા છે. જ્યારે ચીનની કાર્યવાહીના પરિણામ સ્વરૂપે સરહદ પારના વિસ્તારોમાં શાંતિ ડહોળાઈ હતી.’ તેમણે કહ્યું, ‘એપ્રિલ-મે 2020માં પૂર્વ લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીન દ્વારા મોટી સંખ્યામાં સૈનિકોને એકઠા કરવાના પરિણામ સ્વરૂપે અનેક મુદ્દે સેનાઓ સાથે અથડામણ થઈ હતી. આ સ્થિતિના કારણે પેટ્રોલિંગ પ્રવૃત્તિઓમાં અડચણ ઊભી થઈ હતી.’

શ્રી જયશંકરે સશસ્ત્ર દળોની ભૂમિકાની પ્રશંસા કરતા કહ્યું, સૈન્ય-તંત્ર સંબંધિત પડકારો અને કોવિડની સ્થિતિ ઉપરાંત, ભારત ઝડપથી અને અસરકારક રીતે જવાબી તહેનાતી કરવામાં સક્ષમ હતું. તેમણે કહ્યું, ભારત અને ચીને સરહદ મુદ્દાને હલ કરવા માટે અનેક દાયકાઓથી વાતચીત કરી છે. સરહદના પાયાના

ઢાંચાને મજબૂત કરવા અંગે સરકારની પ્રતિબદ્ધતાઓ પર ડૉ. જયશંકરે કહ્યું, લદ્દાખમાં માર્ગ, હવાઈ ક્ષેત્રો અને અન્ય સુવિધાઓના વિકાસમાં મહત્વનો વિકાસ થયો છે.

# REV.-RS-BOILERS-BILL

રાજ્યસભામાં આજે બોઇલર્સ વિધેયક 2024 પસાર થયું છે. આ વિધેયકથી સલામતીમાં વધારો થશે કારણ કે વિધેયકમાં બોઇલરની અંદર કામ કરતા વ્યક્તિઓની સલામતી અને લાયકાત ધરાવતા વ્યક્તિઓ દ્વારા હાથ ધરવામાં આવેલા બોઇલરની મરામતની ખાતરી કરવા માટે ચોક્કસ જોગવાઈઓ કરવામાં આવી છે. વિધેયકત MSME ક્ષેત્રના લોકો સહિત બોઈલર વપરાશકર્તાઓને લાભ કરશે કારણ કે વિધેયકમાં અપરાધીકરણ સંબંધિત જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું કે, સરકાર આઝાદી પૂર્વેના તમામ કાયદાઓની સમીક્ષા કરી રહી છે. તેમણે કહ્યું, બોઈલર વિધેયક દેશને સુરક્ષિત બનાવવા માંગે છે. તેમણે કહ્યું કે વિધેયકમાં કામદારો માટે સલામતીના ઉચ્ચ ધોરણો, જવાબદારી, સુગમતા અને કાર્યક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

ચર્ચાની શરૂઆત કરતા, ભાજપના બ્રિજલાલે વિધેયકને આવકારતા કહ્યું કે તે ઉદ્યોગોમાં કામદારોની સુરક્ષા માટે છે. તેમણે કહ્યું કે, મોદી સરકારે વેપાર કરવાની સરળતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને સલામતી તેનો મહત્વનો ભાગ છે.

કોંગ્રેસના નીરજ ડાંગીએ જણાવ્યું હતું કે, બોઈલર વિધેયકમાં જોગવાઈ કાયદાની કામગીરીમાંથી અમુક વિસ્તારોને બાકાત રાખવાની મંજૂરી આપે છે. તેણે પ્રશ્ન કર્યો કે તે કેવી રીતે સલામતીની ખાતરી કરશે.

બીજેડીના સુલતા દેવે જણાવ્યું હતું કે કારખાનાઓ અને ઉદ્યોગોમાં અધિકારીઓ બોઇલર્સનું યોગ્ય રીતે નિરીક્ષણ કરતા નથી જેના પરિણામે અકસ્માતો અને બ્લાસ્ટ થાય છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## RAJYA SABHA-NAXAL

છેલ્લા પાંચ વર્ષમાં દેશના 60 જિલ્લા ડાબેરી ઉગ્રવાદના જોખમથી મુક્ત થયા છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ડાબેરી ઉગ્રવાદનો સામનો કરવા માટે રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજનાના મજબૂત અમલીકરણને પગલે હિંસા ઘટી છે અને ઉગ્રવાદના ભૌગોલિક પ્રસારમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

ગૃહ રાજ્ય મંત્રીએ કહ્યું કે વર્ષ 2010ની સરખામણીમાં ડાબેરી ઉગ્રવાદને લગતી હિંસક ઘટનાઓની સંખ્યામાં 73 ટકાનો ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે સુરક્ષા દળો અને નાગરિકોના મૃત્યુની સંખ્યા પણ 2023માં ઘટીને 138 થઈ ગઈ છે. એપ્રિલ 2024માં ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા ઘટીને 38 થઈ ગઈ છે. ગૃહ રાજ્ય મંત્રીએ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષો દરમિયાન ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યોમાં ક્ષમતા નિર્માણ માટે 4,350 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

## BHUTAN KING'S VISIT

ભૂતાનના રાજા જિગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને રાણી જેત્સુન પેમા વાંગચુક આવતીકાલથી બે દિવસની ભારત મુલાકાતે આવી રહ્યા છે. મુલાકાત દરમિયાન ભૂતાનના રાજા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે. વિદેશ મંત્રી એસ.જયશંકર અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ ભૂતાનના રાજાને મળશે.

ભારત અને ભૂતાન વચ્ચે મિત્રતા અને સહયોગના અનન્ય સંબંધો છે, આ મુલાકાત બંને દેશોને દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરવાની અને દ્વિપક્ષીય ભાગીદારીને આગળ વધારવાની તક પૂરી પાડશે.

## RAILWAY REFORMS BILL-2024

રેલવે સુધારા વિધેયક-2024 આજે લોકસભામાં વિચારણા અને પસાર કરવા માટે લાવવામાં આવ્યું હતું. વિધેયકનો ઉદ્દેશ્ય રેલવે બોર્ડને વૈધાનિક સત્તાઓ પ્રદાન કરવાનો અને સંસ્થાની કામગીરી અને સ્વતંત્રતા વધારવાનો છે.

આ વિધેયકને રજૂ કરતા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આ વિધેયકનો ઉદ્દેશ્ય રેલવે ક્ષેત્રમાં વધુ કાર્યક્ષમતા લાવવાનો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય રેલ્વેમાં છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર વિકાસ થયો છે. દસ વર્ષ પહેલા રેલવેનું બજેટ 29 હજાર કરોડ રૂપિયા હતું અને હવે તે 2 લાખ 52 હજાર કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં 44 હજાર કિલોમીટર રેલ્વે નેટવર્કનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે.

(બાઇટ-)

આ વિધેયક પર બોલતા કોંગ્રેસના મનોજ કુમારે આશંકા વ્યક્ત કરી હતી કે આ બિલ રેલવેના ખાનગીકરણનો માર્ગ ખોલશે. તેમણે વંદે ભારત ટ્રેનોમાં મોંઘા ટિકિટ ભાડાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

# PM-MANCHANDA'S DEATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય સ્ક્વોશ ખેલાડી રાજ મનચંદાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ કહ્યું કે રાજ મનચંદા એક મહાન ભારતીય સ્ક્વોશ ખેલાડી હતા, જેઓ તેમના સમર્પણ અને શ્રેષ્ઠતા માટે જાણીતા હતા.

# U-19 ASIA CUP CRICKET

અંડર-19 એશિયા કપમાં આજે ભારતે શારજાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ Aની એક દિવસીય ક્રિકેટ મેચમાં સંયુક્ત આરબ અમીરાત (UAE) સામે 10 વિકેટે જીત મેળવી છે. UAEએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યા બાદ 138 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. UAEએ ની ટીમ 44 ઓવરમાં ઓલઆઉટ થઈ ગઇ હતી. ભારતે લક્ષ્યનો પીછો કરતા ભારતે માત્ર 16.1 ઓવરમાં વિના વિકેટે 143 રન બનાવ્યા હતા.

દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે આજે એશિયા કપના ગ્રુપ Aની અન્ય એક મેચમાં પાકિસ્તાને જાપાન સામે 180 રનથી જીત મેળવી હતી .244 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી જાપાનની ટીમ 29મી ઓવરમાં માત્ર 63 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.